પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૪૨ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૦, સોમવાર; ફાગણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નમસ્તે TRUMP કાર્યક્રમ : વિશ્વભરમાં ઉત્સુકતા

**અમેરિકા સે આયા મેરા દોસ્ત દોસ્ત કો સલામ કરોઃ મોદી ભાવવિભોર : ટ્રમ્પ-મોદીનું આજે આગમન : મોટેરા ખાતે મોદી તેમજ ટ્રમ્પ લાખો લોકોની ઉપસ્થિતિમાં સંબોધન કરશે : આજે અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા બાદ દુનિયાની મહાસત્તાના લીડરનું લાલ ઝાઝમ બિછાવીને સ્વાગત : એરપોર્ટથી સ્ટેડિયમ સુધી ૨૨ કિમીનો યાદગાર રોડ શો : સસ્પેન્સ પરથી પડદો ઉઠ્યો : ટ્રમ્પ જશે ગાંધીના શરણે : ગાંધી આશ્રમ પોલીસ છાવણીમાં ફેરવાયું : રોડ શો દરમ્યાન અલગ-અલગ રાજ્યોની ઝાંખી રજૂ કરાશે**

અમદાવાદ, તા. ૨૩

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ભારત યાત્રા અને ખાસ કરીને અમદાવાદ યાત્રા ઉપર સમગ્ર વિશ્વનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે. આ યાત્રા આવતીકાલથી શરૂ થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પની આવતીકાલે અમદાવાદ યાત્રાને ધ્યાનમાં લઈને તેમના સ્વાગત માટે અમદાવાદ શહેર સંપૂર્ણપણે નવા રંગરુપ સાથે સજ્જ છે. આ ગાળા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ડોનાલ્ડ ટ્રમ્પ રોડ શો કરશે. સાથે સાથે અમદાવાદના મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં સંયુક્તરીતે જનસભાને સંબોધશે. ૮૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા મોટેરા સ્ટેડિયમ પર આયોજિત ભવ્ય નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ ચાલી રહી હતી. આ કાર્યક્રમમાં તમામ જુદા જુદા ક્ષેત્રની ટોચની હસ્તીઓ ભાગ લેનાર છે જેમાં દેશના ટોચના ઉદ્યોગપતિઓ, ટોપની સેલિબ્રિટીઓ, ટોપના કલાકારો, રમત-ગમત સાથે જોડાયેલી ટોપની હસ્તીઓનો સમાવેશ થાય છે. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા માટે તમામ તૈયારીઓ થઈ ચુકી છે. કોઈપણ પ્રકારની ચુક ન રહે તે માટે અધિકારીઓ, સુરક્ષા સંસ્થાઓ અને અમેરિકાની સંસ્થાઓના લોકો પણ છેલ્લા કેટલાક દિવસથી લાગેલા છે. સાબરમતી આશ્રમના અધિકારીઓના કહેવા મુજબ ટ્રમ્પના આગમન બાદ તેઓ રોડ શોમાં ભાગ લેશે. મોદી અને ટ્રમ્પ મહાકાય રોડ શો કરનાર છે જે દરમિયાન લાખો લોકો બંનેનું સ્વાગત કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ડોનાલ્ડ ટ્રમ્પ ભારત માટે રવાના થાય તે પહેલા વડાપ્રધાન મોદીએ વિડિયો શેયર કરીને કહ્યું છે કે, ગુજરાત અને ત્યાં રહેતા દેશના અન્ય હિસ્સાઓના લોકો ટ્રમ્પના પ્રવાસને લઈને અભૂતપૂર્વ ઉત્સાહિત છે. બીજી બાજુ ટ્રમ્પ પણ આ યાત્રાને લઈને ઉત્સાહિત છે. છેલ્લા કેટલાક દિવસમાં ટ્રમ્પે તેમની ભારત યાત્રાને લઈને વાત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

### ટ્રમ્પનો સત્તાવાર કાર્યક્રમ

- સવારે ૧૧.૪૦ - એરપોર્ટ પર આગમન
- સવારે ૧૨.૧૫ - ગાંધી આશ્રમની મુલાકાતે
- બપોરે ૧.૦૫ - 'નમસ્તે ટ્રમ્પ' મોટેરા
- બપોરે ૩.૩૦ - એરપોર્ટ પરથી વિદાય

- મોદીના કાર્યક્રમમાં ફેરફાર : ટ્રમ્પના આગમનના એક કલાક પહેલાં વડાપ્રધાન ગુજરાત આવશે
- ટ્રમ્પ સ્ટેડિયમમાં એક લાખથી વધુ લોકોને સંબોધશે, ઉદ્યોગપતિઓ-એનઆરઆઇ સહિતના લોકો હાજર રહેશે
- કાર્યક્રમનું સ્થળ અને રોડ શો પોલીસ છાવણીમાં ફેરવાયુ
- ટ્રમ્પ-મોદીનો રોડ શો શરૂ થતા જ સ્ટેડિયમમાં તમામને બેસાડી દેવામાં આવશે

## ટ્રમ્પે બાહુબલી થીમ પર બનેલો વીડિયો શેર કર્યો : કહ્યું મિત્રોને મળવા ઉત્સુક

ભારત પ્રવાસ માટે રવાના થયાના થોડાક કલાક પહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ ટ્વિટ કરીને કહ્યું કે તેઓ ભારતમાં પોતના મહાન મિત્રોને મળવા માટે આતુર છે. ટ્રમ્પે એક અનવેરિફાઇડ ટ્વિટર એકાઉન્ટ સોલના એક વીડિયોને રિટ્વિટ કર્યો છે. આ વીડિયોમાં દક્ષિણના અભિનેતા પ્રભાષની ફિલ્મ બાહુબલીના સીનનું સંપાદન કરવામાં આવ્યું છે.

આ વીડિયોમાં ટ્રમ્પને બાહુબલી તરીકે દર્શાવવામાં આવ્યા છે. સાથોસાથ ઈવાંકા, મેલાનિયા અને ટ્રમ્પના જમાઈ કુશનરને પણ દર્શાવવામાં આવ્યા છે. આ પહેલા ટ્રમ્પ, બૉલિવૂડ ફિલ્મ 'શુભ મંગલ જ્યાદા સાવધાન'ની પણ ટ્વિટર પર પ્રશંસા કરી ચૂક્યા છે.

## નમસ્તે ટ્રમ્પમાં બોલીવુડની તમામ હસ્તીઓને આમંત્રણ

**અમિતાભ બચ્ચનને પણ આમંત્રણ અપાયું છે : સુનિલ ગાવસ્કર, કપિલ, ગાંગુલી સહિતની રમતની મોટી હસ્તી પહોંચશે : ગુજરાતના અનેક કલાકારો ધૂમ મચાવશે**

અમદાવાદ, તા. ૨૩

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સન્માનમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરા સ્ટેડિયમમાં આયોજિત થનાર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહેશે. અમિત શાહે આજે ગુજરાતની ત્રણ દિવસની યાત્રા શરૂ કરી હતી. મોટેરા સ્ટેડિયમમાં આયોજિત કાર્યક્રમને લઈને તૈયારીઓની સમીક્ષા પણ કરી હતી. બોલીવુડ અને રમત-ગમત સાથે જોડાયેલી તમામ હસ્તીઓ આ કાર્યક્રમમાં હાજરી આપનાર છે. આને ધ્યાનમાં લઈને જોરદાર આયોજન થઈ ચુક્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ મોદી સરકારે મહાનાયક અમિતાભ બચ્ચન, ખાન ત્રિપુટી જેમાં શાહરુખ, આમિર અને સલમાન ખાનને પણ આમંત્રણ અપાયું છે. આ ઉપરાંત સંગીતકાર એઆર રહેમાન, ગાયક સોનુ નિગમ, શાનને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. શાહીદ કપુર, વિવેક ઓબેરોય, અનિલ કપુર, સોનમ કપૂર સહિતની તમામ હસ્તીઓને પણ આમંત્રણ અપાયું છે પરંતુ હજુ કોણ ઉપસ્થિત રહેશે તે બાબત સ્પષ્ટ થઈ શકી નથી. ગુજરાતના લોક કલાકારો પણ કાર્યક્રમમાં ચારચાંદ લગાવશે જેમાં કિર્તિદાન ગઢવી, ગીતા રબારી, પુરુષોત્તમ ઉપાધ્યાય, સાંઈરામ દવે પ્રસ્તુતિ આપશે. કૈલાશ ખેર અને પાર્થિવ ગોહિલ પણ કાર્યક્રમમાં ભાગ લેશે. જુદી જુદી સ્કુલના બાળકો પણ પહોંચનાર છે. જુદા જુદા વિસ્તારોમાં મોટા કટઆઉટ પણ મુકી દેવામાં આવ્યા છે.

## અમદાવાદ એરપોર્ટ પર આજે નો ફ્લાય ઝોન નહીં : રૂટિન કામગીરી

**વિમાનો નિયમિતરીતે ઉડાન ભરતા રહેશે : ટ્રમ્પના આગમન સમયે અન્ય વિમાનોની લેન્ડિંગ રોકાશે**

અમદાવાદ, તા.૨૩

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આવતીકાલે અમદાવાદ પહોંચી રહ્યા છે ત્યારે અમદાવાદ આંતરરાષ્ટ્રીય વિમાની મથકે નો ફ્લાય ઝોન રહેશે નહીં. જે વિમાનો નિયમિતરીતે ઉંડાણ ભરે છે તેમની ઉંડાણ જારી રહેશે. અલબત્ત યાત્રીઓને આવતીકાલે અમદાવાદ વિમાની મથક પર ત્રણ કલાક પહેલા પહોંચવા માટે કહેવામાં આવ્યું છે.

સાથે સાથે યાત્રીઓને પોતાના અસલી ઓળખપત્ર અને ટિકિટ રાખવા માટે કહેવામાં આવ્યું છે. જો યાત્રી પાસે અસલી ઓળખપત્ર રહેશે નહીં તો તેમને જવા દેવાશે નહીં. વિમાનમાં સફર કરનાર ટિકિટ મોબાઈલવાળી ટિકિટ માન્ય રહેશે નહીં. વિમાની મથકના અધિકારીના કહેવા મુજબ ટ્રમ્પના આગમનને લઈને કોઈ નો ફ્લાય ઝોન રહેશે નહીં. વિમાનો નિયમિતરીતે ઉંડાણો ભરશે.

જો કે, ટ્રમ્પના આગમનના સમયે અન્ય વિમાનોના ઉતરાણ થશે નહીં. એરપોર્ટ પર સોમવારે જ્યારે ટ્રમ્પ પહોંચશે ત્યારે કોઈ અન્ય વિમાનને ઉતારવાની મંજુરી આપવામાં આવશે નહીં. થોડાક દિવસ પહેલા એવી ચર્ચા હતી કે, અમદાવાદ વિમાની મથકે નો ફ્લાય ઝોન રહેશે પરંતુ હવે આવા અહેવાલને રદિયો મળી ગયો છે.

**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ.બેંક લિ.**
પ્લોટ નં.૩૯૧, ઘ-૪II, સેક્ટર-૧૬, ગાંધીનગર

**બેંકના તમામ ગ્રાહકો જોગ - નવા મકાનમાં પ્રવેશ બાબતે**

બેંકના સર્વે માનવંતા ગ્રાહકોને તેમજ ખાસ કરીને સરગાસણ આજુ-બાજુના ગ્રાહકોને જણાવવાનું કે તા.૨૭-૦૨-૨૦૨૦ ને ગુરૂવારના રોજથી હાલમાં દુકાન નં.૧૪, ૧૫, ૧૬, અટ્રીયા બિઝનેશ હબ, ખ-૦, સરગાસણ ચાર રસ્તા, સરગાસણ ખાતે કાર્યરત શાખા નવા મકાનમાં એટલે કે દુકાન નં.૨૯/બી, ૩૦/બી, ૩૨/બી, ટેન્જન્ટ બીલ્ડીંગ, ખ-૦, સરગાસણ ખાતે આવેલા અમારા પોતાના મકાનમાં રાબેતા મુજબ કાર્યરત થશે. જેની સર્વે ગ્રાહકોને જાણ કરવામાં આવે છે.

વિક્રમ કે.પટેલ, ચેરમેન | પ્રવિણ ડી.પટેલ, વા.ચેરમેન | વિપુલ આર.પટેલ, મેનેજીંગ ડિરેક્ટર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સ્ટાફ

**હાર્દિક અભિનંદન**

શ્રી પરેશભાઈ આર. પટેલ
ડીરેક્ટરશ્રી કૃષક ભારતી કો.ઓ.લી.
(કૃભકો - ન્યુ દિલ્હી)

ગુજરાત રાજ્યના સહકારી આગેવાન
**શ્રી પરેશભાઈ આર. પટેલ**
ભારત દેશની નામાંકિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા કૃભકો (ન્યુ દિલ્હી)માં સતત ત્રીજીવાર દસ રાજ્યમાંથી બિનહરિફ વરણી થવા બદલ આપશ્રીને અભિનંદન સહ
**ખૂબ ખૂબ શુભકામનાઓ...**

કાલીદાસ વી. પટેલ (ચેરમેન, ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ.)
પ્રકાશભાઈ આર. પટેલ (વાઈસ ચેરમેન, ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ.)
કેતનભાઈ ડી. પટેલ (વાઈસ ચેરમેન, દૂધ વાપરનારાઓની સહ. મંડળી)
બિપીનભાઈ વી. પટેલ (ડિરેક્ટર, ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ.)
ગણેશભાઈ એસ. પટેલ (ડિરેક્ટર, ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ.)
રમેશભાઈ કે. પટેલ (આર. કે. પટેલ - ભૂજ)
ભરતભાઈ બી. જોષી (અકાલાલ, સે.૨૨)
ભરતભાઈ બી. પટેલ (પ્રમુખ, કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર)
ભોળાભાઈ આઈ. પટેલ (મહામંત્રી, કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર)
મનુભાઈ બી. પટેલ (ઉપપ્રમુખ, કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર)
જયંતિભાઈ કે. પટેલ (જે. કે. સ્ટોન, સે.૨૮, જીઆઈડીસી)
મહેન્દ્રભાઈ પટેલ (શક્તિ ટ્રેડર્સ, સેક્ટર-૨૧)
અનિલ એમ. પટેલ (શિવ મેનેજમેન્ટ, સેક્ટર-૬, ગાંધીનગર)
સિદ્ધાર્થ કે. પટેલ (વાવોલ)

ચાર ધામ જતા પહેલા ચાર ધામ વિશે જાણો...
**ચાર ધામ યાત્રા**
12 દિવસ /11 રાત્રી
₹19999 5% GST એક્સ્ટ્રા
યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ
સ્વાદિષ્ટ ગુજરાતી, પંજાબી ભોજન • રહેવાની ઉત્તમ સુવિધા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા**

₹25*/500mL
અમૂલ શક્તિ
*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on : 079 - 23969055 / 56/ 57